# માનવતાને કોઈ સરહદ ન હોય : વલ્લભભાઈ પટેલ



ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે એએફએસ વોલીયેન્ટર ફેમીલી મીટમાં જણાવ્યું હતું. વધુમાં તેઓએ ઉમેર્યું હતું કે લાગણીની ભાષા જ ઉત્તમ ભાષા છે. જે દેશ દેશ વચ્ચેનું અંતર ઘટાડી શકે છે. પ્રસંગ હતો ગાંધીનગરમાં કલ્ચરલ એન્ડ સ્ટડી એક્ષચેન્જ કાર્યક્રમ અંતર્ગત કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં અભ્યાર્થે આવેલ વિદેશી વિદ્યાર્થીઓના 'હોસ્ટ ફેમીલી' સાથે મુલાકાત. આ પ્રસંગે ચેરમેન વલ્લભભાઈ પટેલે જે વિદ્યાર્થીઓને આર્થિક સંકડામળ હોય તેમના માટે સંસ્થા મફત શિક્ષણ આપી રહી છે. અને આગામી દિવસોમાં પણ આપશે તેવી જાહેરાત કરી હતી.



આજે વિદેશના ૩ વિદ્યાર્થીઓ છે. ભવિષ્યમાં ૩૦ પણ અભ્યાસ અર્થે આવશે તો તેમને પ્રવેશ આપવામાં આવશે તેમ જણાવતા વલ્લભભાઈએ કડી સર્વ વિદ્યાલયનો મંત્ર 'કર ભલા હોગા ભલા' ખરા સાર્થક કરવાની હાંકલ કરી હતી. ૧૯૧૯ થી ફક્ત છ વિદ્યાર્થીઓથી કડી ખાતેથી પૂજ્ય છગનભા દ્વારા શરૂ થયેલ આ શાળા આજે ૫૨,૦૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિર્વસિટી બની ગઈ છે. કે.જી. થી લઈ પી.જી. સુધી અને આઈ.એ.એસ., નર્સીંગ, એન્જીનીયરીંગ તેમજ વિવિધ કલા વિષયક તાલીમ આપતી મોટી સંસ્થા બની ગઈ છે. જેમાં ૮,૦૦૦ છોકરા, છોકરીઓ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરી રહ્યા છે. ૧૯૭૮ માં શેઠ સી.એમ. હાઈસ્કૂલ ગાંધીનગર ખાતે શરૂઆત થઈ. ૧૯૨૯માં ગાંધીજીએ કડી ખાતે કેમ્પ મુલાકાત લીધી હતી. જેમના વિચારોને જ આ સંસ્થા ન્યાય આપી રહી છે. આ વિશેની માહિતી રજીસ્ટાર સૂર્યકિશન દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે 'હાસ્ટ ફેમીલી'ના પ્રતિભાવો લવામાં આવ્યા હતા. સાથે-સાથે હાલમાં એક વર્ષ માટે આવેલ એલેકઝાન્ડર, જોર્ડન અને ડેનીયલના પણ અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આ ત્રણેય બાળકોએ ગુજરાતીમાં 'કેમ છો ?' અમને થોડું થોડું ગુજરાતી આવડે છે' કહી હાજર સૌને આશ્ચર્યમાં મુકી દીધા હતા. તેમાંય વળી ઈન્ડોનેસીયાન જોર્ડને તો સંસ્કૃતિમાં પ્રાર્થના અને બોલીવુડ ગીત ગાઈ માહોલને રંગીન કરી દીધો હતો. જે વિદ્યાર્થીઓ અહીં આવીને રહે છે તે એટલા સરળ અને મિલનસાર છે કે જયારે અહીંથી વિદાય લે છે તે સમયે પરિવારના સભ્ય વિખુટા પડી રહ્યા હોય તેવી લાગણી થઈ જાય છે. તેમ જણાવતા સેક્ટર-૫ સ્થિત રહેતા કૈરવભાઈ દેસાઈ અત્યંત ભાવુક થઈ ગયા હતા. ઈટાલીયન દીકરી 'સોફીયા'ના હોસ્ટ ફેમીલી હતા.

એએફએસ આજે ૧૦૦ જેટલા દેશોમાં કાર્યરત છે. આ વર્ષે ૧૦૦મુ વર્ષ મનાવી રહેલી આ સંસ્થા અત્યાર સુધી લાખો વિદ્યાર્થીઓને કલ્ચરલ એક્ષચેન્જ કાર્યક્રમ અંતર્ગત દેશ દેશ વચ્ચે શાંતિ અને સંસ્કૃતિઓની આપલે થાય તે માટે સફળતાપૂર્વક પ્રયત્ન કરી રહી છે.

એલડીઆરપી કોલેજ ખાતે યોજાયેલ આ મીટમાં દિલ્હી ઓફિસના રીપ્રેઝન્ટીવ તરીકે અમદાવાદ એએફએસ બોક્ષ મેમ્બર સુકેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ એમ.બી. પટેલ વિદ્યાલયના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર મીટની ભાવવાહી સંચાલન ડૉ. વર્ષાબેન પારેખે કર્યું હતું.

## શનિવારે 'રીમઝીમ બરસે સૂર...' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે તા. ૬ ઠ્ઠી સપ્ટેમ્બર શનિવારે 'સંસ્કૃતિ' સંસ્થાના ઉપક્રમે હિન્દી ફિલ્મોના સુમધુર સમૂહગીતો અને યુગલ ગીતોનો કાર્યક્રમ 'રીમઝીમ બરસે સૂર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રાત્રે ૯.૧૫ કલાકે યોજાશે.

આ કાર્યક્રમમાં રીકિન દાસના સંગીત નિર્ઝર હેઠળ ખ્યાતનામ ગુજરાતી કલાકારો નીરજ પાઠક, ચિરાગ દેસાઈ, આનલ વસાવડા, નયના શર્મા, બ્રિજેશ રાજ, વિરલ બ્રહ્મભટ્ટ, નિકીતા જોષીપુરા અને અંકિતા તેમના સુમધુર કંઠે સૂર રેલાવશે. આ કાર્યક્રમનું સંચાલન સમ્રાટ અશોક દવે દ્વારા કરવામાં આવશે.

## જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૪

ચાલુ વર્ષે સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ગાંધીનગર જિલ્લા કક્ષાના રાસ ગરબાની સ્પર્ધા તા. ૧૭-૯-૨૦૧૪ ના રોજ (સંભવિત) યોજાનાર છે જેથી ભાગ લેનાર સંસ્થા, પાર્ટીઓ તથા સ્કૂલોએ પોતાની રાસ ગરબામાં ભાગ લેવાની પ્રવેશ એન્ટ્રીઓ ૧૦-૯-૧૪ સુધી અત્રેની જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી બ્લોક નં. ૧૯૦/૨, ગ-૧ ટાઈપ, સે. ૩૦, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

## નોમના નેજા ચઢાવાયા

ગાંધીનગર, તા. ૪

સેક્ટર-૧૨ સિવિલ કંપાઉન્ડમાં આવેલ રામદેવપીર મંદિર ખાતે નોમના નેજા ચઢાવવામાં આવ્યા હતા. તા. ૩ જીના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન પહેલુ નિશાન વિક્રમસિંહ ગોલના હસ્તે ચઢાવવામાં આવ્યું હતું. નેજા લઈને વરઘોડો હોસ્પિટલના મુખ્ય દરવાજાથી મંદિર સુધી કાઢવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

## ડભોડા પોલીસ ફ્રેન્ડસ ગૃપ દ્વારા શબવાહીનીની સુવિધા કરાઈ

ચિલોડા, તા. ૪

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી કરાઈ નર્મદા કેનાલ દિન પ્રતિદિન કેનાલ ઓફ ડેથ તરીકે પ્રસિદ્ધ થતી જાય છે. આ કેનાલમાં અનેક લોકો પોતાની જીંદગી ટુંકાવી દેવા છલાંગ લગાવી મોતને વ્હાલુ કરે છે. જ્યારે પણ આ કેનાલમાં કોઈ વ્યક્તિ આત્મહત્યા કરે છે ત્યારે તેનો મૃતદેહ બહાર કાઢ્યા પછી પોલીસને કલાકો સુધી હેરાન થવું પડે છે. ફ્રેન્ડસ ગૃપ દ્વારા માનવતા ભર્યા પગલારૂપે ડભોડા પોલીસને એક શબવાહીની ભેટ આપવામાં આવી છે.

આ શબવાહીની દ્વારા મૃતદેહને તુરંત જ ગાંધીનગર કે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવા માટે ખડેપગે સેવા આપવામાં આવશે. એટલુ જ નહી પરંતુ હોસ્પિટલથી મૃતકના પરિવારજનો સહિત મૃતદેહને ઘરે પહોંચાડવાની સેવા પણ આ શબવાહીની આપશે. આ સેવાકાર્યને પોલીસ દ્વારા બિરદાવાવમાં આવ્યું હતું.

## સે. ૨૬ ડી-માર્ટ સામે વાહન અકસ્માત બાદ રાયોટીંગ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના ક-માર્ગ પર સ્થિત ડી-માર્ટ મોલની સામે ગઈ રાત્રે બાઈક અને ગાડી વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાયા બાદ મોટુ ધીંગાણું થયું હતું. લાકડીઓ અને પાઈપો બે જુથો વચ્ચે ઉઠી હોવાની ફરીયાદ સે. ૨૧ પોલીસ મથકે નોંધાવા પામી છે. જેમાં ઝપાઝપી દરમિયાન બે સોનાના દોરા તથા રૂ. ૫ હજાર રોકડા પણ પડી ગયા હોવાનો ઉલ્લેખ છે. જે હજુ સુધી કોઈને મળ્યા નથી. આ બનાવ અંગે ક્રોસ ફરીયાદ બંને પક્ષેથી લઈ સે. ૨૧ પોલીસે તટસ્થ તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા જશોદાબેન ભરતભાઈ પટેલ તથા તેમનું પરિવાર ગાડી લઈને ડી-માર્ટ સામેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે કોલવડાના એક યુવાનના બાઈક સાથે સામાન્ય અકસ્માત થયા બાદ બોલાચાલી થઈ હતી. ભરતભાઈ પટેલ સાતેક માણસોને લઈને લોખંડની પાઈપ સહિતના હથિયારો સાથે આવી પહોંચ્યા હતા અને કોલવડાના ઈન્દ્રસિંહ વાઘેલા પર હુમલો કર્યો હોવાની ફરીયાદ ઈન્દ્રસિંહ વાઘેલાએ નોંધાવી હતી. ઝપાઝપીમાં રૂ. ૫ હજાર રોકડા તથા તેના એક સાથીનો સોનાનો ત્રણ તોલાનો દોરો પડી ગયો હોવાનો પણ ફરીયાદમાં ઉલ્લેખ છે. તો બીજી તરફ જશોદાબેને આપેલી ક્રોસ ફરિયાદ મુજબ ઈન્દ્રસિંહ વાઘેલા સહિત ચાર શખ્સોએ હુમલો કર્યો હતો અને ઝપાઝપીમાં તેમનો અઢી તોલાનો સોનાનો દોરો પણ પડી ગયો હતો. સે. ૨૧ પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી ક્રોસ ફરિયાદને લઈ ઊંડી તપાસ શરૂ કરી છે.

## વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ગત શિયાળામાં એથ્લેટિક્સ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં સરદાર વલ્લભાઈ પટેલ વિદ્યામંદિર સેક્ટર-૭ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શાળાના ૧૫ વિદ્યાર્થીઓ અને ૧૧ વિદ્યાર્થીનીઓએ પ્રથમ અને બીજો નંબર મેળવ્યો હતો ત્યારે આ વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. વિદ્યાર્થીઓ, ૨૦૦ મી. દોડ, ૧૫ મી. દોડ, લાંબીકૂદ, લંગડીફાળ, બરછી ફેંક સહિતની સ્પર્ધામાં ભાગ લેશે.





ફાયર બ્રિગેડ સ્ટાફ કવાટર્સમાં ગણેશોત્સવ નિમિત્તે ગણેશ સ્થાપના કરાઈ હતી. આજે ફાયર ઓફીસર મહેશ મોડ તથા ફાયર બ્રિગેડ સ્ટાફ પરિવાર દ્વારા ઈન્દ્રોડા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીના કાંઠે બનાવેલા કૃત્રિમ તળાવમાં ગણપતિ વિસર્જન કરવામાં આવ્યું હતું.

## સે. ૨૨ ગણેશોત્સવમાં નગરજનોએ સહભાગી થઈ અત્યંત સફળ લોક ઉત્સવ બનાવ્યો

ગાંધીનગર, તા. ૪

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા નગરમાં ૪૫ માં ગણેશોત્સવનું દબદબાભેર ઉજવણી કરવામાં આવી રહેલ છે. મહોત્સવના સતત છઠ્ઠા દિવસે સુપ્રસિદ્ધ ટોપવન મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા દ્વારા હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સંગીતપ્રેમી નગરજનો, વરિષ્ઠ પત્રકાર મિત્રો તથા નગરના શ્રેષ્ઠીઓ પોતાના પરિવાર સાથે વિશાળ સંખ્યામાં કાર્યક્રમના છેલ્લા પડાવ સુધી ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સુપ્રસિદ્ધ ટોપવન ઓરકેસ્ટ્રાએ કાર્યક્રમની શરૂઆતમાં ગણેશ વંદના ગીત દ્વારા કરી હતી. ત્યાર બાદ હિન્દી ફિલ્મના જુના નવા ગીતો રજુ કરી નગરજનોને સંગીતમય માહોલમાં મંત્રમુગ્ધ કરી દિધા હતા. આ કાર્યક્રમમાં વસાહત મંડળના પ્રમુખ શ્રી અરૂણ બુચ, નગરના અગ્રણી શ્રી મનોજભાઈ લેકીનવાલા, કેતનભાઈ ધોરુ, ભાવેશભાઈ એરડા, ક્રિભકોના ડાયરેકટર પરેશ પટેલ, એલઆઈસીના હિરને શાસ્ત્રી, કાઉન્સિલર શૈલેન્દ્રસિંહ બિહોલા, ઠાકોર સમાજના અગ્રણી જયદિપસિંહ ઠાકોર, સી.એલ. મહેતા, કુ. ચેતનાબેન બુચ, વિજયભાઈ શાહ, સુરેશ પારધી, કે.આર. પટેલ, રજનીકાંત સુથાર, જુનિયર સિટીઝનના વસાવડા તેમજ પત્રકાર મિત્રો સર્વશ્રી પ્રકાશભાઈ ઝા, ધનંજય જોષી, વિપુલ જોષી તથા અન્ય પત્રકાર મિત્રો પોતાના પરિવાર સાથે કાર્યક્રમના છેલ્લા પાવ સુધી ઉપસ્થિત રહ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે રોજે રોજ યોજાતા કાર્યક્રમ નિર્વઘ્ન ગાંધીનગરચા રાજાની કૃપા અને આશીર્વાદથી યોજાતા રહ્યા જેમાં નગરજનોએ વરસાદની પરવાહ કર્યા વગર વોટરપ્રુફ ડોમ હોવાના કારણે રંગમંચ પર ઉપસ્થિત હી કાર્યક્રમને સફળ બનાવવા બદલ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે આભારની લાગણી વ્યકત કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સમિતિના મહામંત્રી પ્રવિણ બાલપાંડે, વિષ્ણુબાલ બાલપાંડે, કલ્પેશ બાલપાંડે, રાકેશ જાનીએ જહેમત ઉઠાવી હતી.

# ભુવનેશ્વર મંદિર ખાતે સર્વધર્મ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં ધામધૂમપૂર્વક ગમેશ મહોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. સેક્ટર-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે ગઈકાલે ગણેશોત્સવ કાર્યક્રમમાં એક સાથે ચાર ધર્મગુરૂઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ધાર્મિક કાર્યક્રમમાં ધર્મગુરૂઓ ઉપસ્થિત થતા સોનામાં સુગંધ ભળી જવા પામી હતી.

સેક્ટર-૨૬ ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવમાં દસ દિવસ દરમિયાન રાજયના ખ્યાતનામ કલાકારો ઉપસ્થિત રહી મનોરંજન કરાવતા હતા.

ત્યારે ગઈકાલે ગણેશોત્સવ કાર્યક્રમ દરમિયાન મહાન ઘટના બનવા પામી હતી. મંચ પર ગાંધીનગરના ચાર ધર્મોના ધર્મગુરૂઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બ્રહ્માકુમારીના સંચાલિકા પૂજ્ય કૈલાસદીદી, સ્વામિનારાયણ સંપ્રદાયના રામ સ્વામી, કેથોલિક



સંપ્રદાયના સેન્ટ ફર્નાડીઝ આર્ચ બિશપ અને સેક્ટર-૩૦ ગુરૂદ્વારાના ગુરૂ મંજીતસિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ રાત્રે ૮.૩૦ વાગે રંગ કસુંબલ ડાયરો યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના નામી અને ભજન સમ્રાટ નિરંજન પંડ્યા અને હાસ્યથી રસતરબોળ કરનાર ઘનશ્યામ ઘઢવીએ ઉપસ્થિત સૌ કોઈને મોજ કરાવી હતી. કાર્યક્રમના પ્રારંભે શહેર વસાહત મંડળ પ્રમુખ અરૂણભાઈ બૂચ, કેનત ધોળુ બિલ્ડર, પ્રદિપ ગગલાણી અને મગનભાઈ કાકડીયાએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી.



**રાસ ગરબા સાથે વિઘ્નહર્તાને વિદાય** - ચિલોડામાં આજે સાર્વજનિક ગણેશોત્સવનું સમાપન કરવામાં આવ્યું હતું. અને ગણેશજીની વિશાળ મૂર્તિને ભવ્ય વિદાય આપવામાં આવી હતી. વિધનહર્તાની વિદાય વેળાએ નીકળેલી શોભાયાત્રામાં યુવાનો મન મુકીને ઝુમ્યા હતા અને ગામના ચોકમાં રાસ ગરબા પણ રમ્યા હતા. ચિલોડાના મુખ્ય માર્ગો પર ફરેલી આ શોભાયાત્રામાં અબીલ ગુલાલની છોળો ઉડી હતી અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ડીજે બેન્ડના તાલે નીકળેલી આ શોભાયાત્રામાં રાસ ગરબાની રમઝટ સાથે ગણપતિ વિસર્જન કરાયું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ખ-૨ સર્કલ પાસેથી બિયરના ૧૦ ટીન સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના ખ-માર્ગ પરથી બિયરના ટીન સાથે એક શખ્સ પસાર થઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે. ૭ પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે વોચ ગોઠવીને ખ-૨ સર્કલ પાસેથી ૧૦ બિયરના ટીન સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. ધોળાકુવા ગામના રાજેશ વિરમ રાવળ નામના શખ્સની ૧૦ બિયર સાથે ધરપકડ કરીને સે. ૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




પગપાળા અંબાજી જઈ રહેલા પદયાત્રીઓ માટે અડાલજ પોલીસ દ્વારા કોબા સર્કલ ખાતે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પદયાત્રીઓ માટે અડાલજ પોલીસ દ્વારા સફરજન વિતરણ કરવામાં આવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ : ૪. મી.મી

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાજા નટવરલાલ : ૧૨.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫
મર્દાની : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
રાજા નટવરલાલ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
રભાસા (તેલુગુ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫
મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :
આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૩.૦૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. રામજી રાધા પાંડે (ઉ.વ.૫૫) મુ. વાવોલ, અંકુર એપાર્ટમન્ટ, એ-૭, ગાંધીનગર
- સ્વ. ધનાજી મોહનજી ઠાકોર (ઉ.વ.૫૦) મુ. સોનીપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ભીખાભાઈ રામદાસ (ઉ.વ.૭૫) મુ.પો. સાલડી, તા.જી. મહેસાણા.